પોષણ અભિયાન અંતર્ગતની સ્ટેટ લેવલ સેન્ક્ષનીંગ
કમિટી (SLSC) દ્વારા ફ્લેક્ષી ફંડમાંથી રૂ.૬૦૦ લાખ
વન વિભાગના હવાલે મુકવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઈસીડી-૧૧૨૦૧૯-૧૮૬-બ-
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૮/૦૫/૨૦૧૯

આમુખ:-

(૧) ભારત સરકાર, નાણાં મંત્રાલય,(ખર્ચ વિભાગ), નવી દિલ્હીનો પત્ર ક્ર: ૫૫(૫)/ પીએફ-II/૨૦૧૧, તા.૦૬/૦૯/૨૦૧૬

(૨) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી નો પત્ર ક્ર:NNM/7/2017-WBP, તા.૨૬/૦૨/૨૦૧૮

(3) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/૧૩૧૬૦૪/બ તા.૧૪/૦૫/૨૦૧૯

(૪) ગુજરાત ઈકોલોજી કમિશનનો પત્ર ક્ર:.જીઈસી/ટે-૪/૫૪૩/૨૦૧૯ તા.૧૮/૦૫/૨૦૧૯

ઠરાવ:-

આમુખ-(૧) થી કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત ફ્લેક્ષી ફંડ માટેની માર્ગદર્શિકા જાહેર કરેલ છે. સદર માર્ગદર્શિકા મુજબ રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ અલગ અલગ સમિતિઓની રચના કરવાની થાય છે. આમુખ-(૨) થી પોષણ અભિયાનની વહીવટી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. પોષણ અભિયાનની તબક્કાવાર અમલવારીમાં ગુજરાતના ૩૩ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આમુખ-(૩) થી પોષણ અભિયાન અંતર્ગત ફ્લેક્ષી ફંડના ઉપયોગ માટે સ્ટેટ લેવલ સેન્ક્ષનીંગ કમિટી (SLSC) ની રચના કરવામાં આવેલ છે. આમુખ-(૪) થી ઈકોલોજી કમિશનના દ્વારા ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનો વિકાસ કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૬૦૦.૦૦ લાખની ગ્રાન્ટની માંગણી કરેલ છે.

માન.મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ પદે તા.૧૬/૦૫/૨૦૧૯ ના રોજ સ્ટેટ લેવલ સેન્ક્ષનીંગ કમિટીની (SLSC) બેઠક મળેલ હતી. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનીટી, કેવડીયા કોલોની ખાતે ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનો વિકાસ કરવા અંગે રૂ.૬૦૦.૦૦ લાખની ગ્રાન્ટની રકમ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

આથી પુખ્ત વિચારણાના અંતે સ્ટેચ્યુ ઓફ યુનીટી, કેવડીયા કોલોની ખાતે ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનો વિકાસ કરવા અંગે રૂ.૬૦૦.૦૦ લાખ ગુજરાત ઈકોલોજીકલ કમિશન (GEC) ને હવાલે મુકવા મંજુરી આપવામાં આવે છે. ઉક્ત રકમ મહિલા અને બાળ વિકાસ વિભાગના વર્ષ ૨૦૧૯-૨૦ ના બજેટમાં એન.એન.એમ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૨ હેઠળ મંજુર થયેલ રૂ.૧૪૧૪૭.૨૭ લાખની જોગવાઈ માંથી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮-૫-૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી,મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી "આયોજન" ના નાયબ સચિવ, સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
- પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ